# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## જા.ક્ર. ૨૧૩/૨૦૨૩૨૪ – સર્વેયર, વર્ગ–૩ ના ઉમેદવારોના

## પ્રમાણપત્રોની ચકાસણી માટે અગત્યની જાહેરાત

મંડળની જા.ક્ર.૨૧૩/૨૦૨૩૨૪ – સર્વેયર, વર્ગ–૩ સંવર્ગની તા.૩૧/૦૩/૨૦૨૪ ના રોજ બે શીફ્ટમાં યોજાયેલ **MCQ-CBRT (Computer Based Recruitment Test)** માં ઉમેદવારોએ મેળવેલ ગુણના મેરીટસ આધારે પસંદગી/પ્રતિક્ષા યાદીમાં સમાવવાપાત્ર સંભવિત ઉમેદવારો કે જેઓના અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરવાની થાય છે તેવા ઉમેદવારોના પરિક્ષાના બેઠક ક્રમાનુસારની યાદી તા.૦૮/૦૭/૨૦૨૪ ના રોજ મંડળની વેબસાઇટ પર મૂકવામાં આવેલ છે. જે જોઇ લેવા સંબંધિત ઉમેદવારોને આથી જણાવવામાં આવે છે.

અગાઉ મંડળની વેબસાઈટ પર તા.૨૧/૦૮/૨૦૨૪ના રોજ ઉકત સંવર્ગના ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણીનો કાર્યક્રમ પ્રસિદ્ધ કરવામાં આવેલ તથા તા.૨૩/૦૮/૨૦૨૪ના રોજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી મોકુફ રાખવા અંગેની સુચના પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ઉકત સંવર્ગના ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણીનો કાર્યક્રમ આ અગાઉ તા.૨૧/૦૮/૨૦૨૪ ના રોજ પ્રસિદ્ધ થયેલ પ્રમાણપત્રોની ચકાસણી માટે લાયક ઠરેલ ઉમેદવારોની યાદીના ક્રમાંક મુજબ નીચે દર્શાવ્યા મુજબની તારીખો દરમિયાન આયોજન કરવામાં આવેલ હોય ઉમેદવારોએ નીચે દર્શાવેલ સ્થળે, તેમને ફાળવવામાં આવેલ સીરીયલ નંબર મુજબની તારીખે અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે સમયસર ઉપસ્થિત થવાનું રહેશે.

## પ્રમાણપત્રોની ચકાસણીનો કાર્યક્રમ

**સ્થળઃ કમિટિ હોલ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, બ્લોક નં. ૨, પ્રથમ માળ, કર્મયોગી ભવન, નિર્માણ ભવનની પાછળ, સેકટર– ૧૦–એ, ગાંધીનગર**

| અ.નં. | ઉમેદવારોના સીરીયલ નંબર | પ્રમાણપત્રોની ચકાસણીની તારીખ | સમય |
|---|---|---|---|
| ૧ | ક્રમ ૧ થી ૫૦ | ૨૫/૦૯/૨૦૨૪ | સવારે ૧૦–૦૦ કલાકે |
| | ક્રમ ૫૧ થી ૧૦૦ | | બપોરે ૧૨–૦૦ કલાકે |
| | ક્રમ ૧૦૧ થી ૧૫૦ | | બપોરે ૦૨–૦૦ કલાકે |
| | ક્રમ ૧૫૧ થી ૨૦૦ | | બપોરે ૦૪–૦૦ કલાકે |
| ૨ | ક્રમ ૨૦૧ થી ૨૫૦ | ૨૬/૦૯/૨૦૨૪ | સવારે ૧૦–૦૦ કલાકે |
| | ક્રમ ૨૫૧ થી ૩૦૦ | | બપોરે ૧૨–૦૦ કલાકે |
| | ક્રમ ૩૦૧ થી ૩૫૦ | | બપોરે ૦૨–૦૦ કલાકે |
| | ક્રમ ૩૫૧ થી ૪૦૦ | | બપોરે ૦૪–૦૦ કલાકે |
| ૩ | ક્રમ ૪૦૧ થી ૪૫૦ | ૨૭/૦૯/૨૦૨૪ | સવારે ૧૦–૦૦ કલાકે |
| | ક્રમ ૪૫૧ થી ૫૦૦ | | બપોરે ૧૨–૦૦ કલાકે |
| | ક્રમ ૫૦૧ થી ૫૫૦ | | બપોરે ૦૨–૦૦ કલાકે |
| | ક્રમ ૫૫૧ થી ૬૦૦ | | બપોરે ૦૪–૦૦ કલાકે |

| અ.નં. | ઉમેદવારોના સીરીયલ નંબર | પ્રમાણપત્રોની ચકાસણીની તારીખ | સમય |
|---|---|---|---|
| ૪ | ક્રમ ૬૦૧ થી ૬૫૦ | ૩૦/૦૯/૨૦૨૪ | સવારે ૧૦–૦૦ કલાકે |
| | ક્રમ ૬૫૧ થી ૭૦૦ | | બપોરે ૧૨–૦૦ કલાકે |
| | ક્રમ ૭૦૧ થી ૭૫૦ | | બપોરે ૦૨–૦૦ કલાકે |
| | ક્રમ ૭૫૧ થી ૮૦૦ | | બપોરે ૦૪–૦૦ કલાકે |
| ૫ | ક્રમ ૮૦૧ થી ૮૫૦ | ૦૧/૧૦/૨૦૨૪ | સવારે ૧૦–૦૦ કલાકે |
| | ક્રમ ૮૫૧ થી ૯૦૦ | | બપોરે ૧૨–૦૦ કલાકે |
| | ક્રમ ૯૦૧ થી ૯૨૪ | | બપોરે ૦૨–૦૦ કલાકે |

## સૂચનાઓઃ–

(૧) પ્રસ્તુત યાદીમાં, ઉમેદવારોએ **MCQ-CBRT (Computer Based Recruitment Test)** પરીક્ષામાં મેળવેલ ગુણના મેરીટસ, લઘુત્તમ લાયકી ગુણ અને કેટેગરી વાઈઝ ભરવાની થતી જગ્યાઓના આધારે પસંદગી યાદીમાં સમાવવાપાત્ર સંભવિત ઉમેદવારો કે જેઓને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સારૂ બોલાવવાના થાય છે તેવા ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૨) ઉપર દર્શાવેલ યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણીને અંતે લાયક ઠરેલ ઉમેદવારોની સંખ્યા અને જાહેરાતમાં દર્શાવેલ કેટેગરી વાઇઝ ભરવાની થતી જગ્યાઓની વિગતો ધ્યાને લઇ ઉમેદવારોએ ઉકત પરીક્ષામાં મેળવેલ ગુણના મેરીટસ આધારે કેટેગરી પ્રમાણે પસંદગી યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૩) ઉમેદવાર, ઉપર દર્શાવેલ યાદીમાં પોતાના નામના સમાવેશ માત્રથી તેઓનો પસંદગી યાદીમાં સમાવેશ માટેનો કોઇ હક્ક દાવો કરી શકશે નહીં.

(૪) જે ઉમેદવારો વર્ક આસીસ્ટન્ટ, વર્ગ–૩ની જગ્યાએ જોડાવવા માંગતા ના હોય અને પ્રમાણપત્રોની ચકાસણીમાં ઉપસ્થિત રહેવા માંગતા ન હોય તેવા ઉમેદવારોએ લેખિતમાં મંડળને જાણ કરવાની રહેશે.

(૫) અનિવાર્ય સંજોગોમાં ઉમેદવાર આ કાર્યક્રમમાં હાજર રહી શકે એમ ના હોય તો તેઓ તેમના વાલીને સંમતિપત્રક સાથે મોકલી પ્રમાણપત્રોની ચકાસણી કરાવી શકે છે. આ માટે નિયત નમુનાનું સંમતિ પત્રક વાલી સાથે મોકલવાનું ફરજીયાત છે.

(૬) ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી ઉપર દર્શાવેલ કાર્યક્રમ મુજબ કરવામાં આવનાર છે. તે માટે સંબંધિત ઉમેદવારોને રૂબરૂ ઉપસ્થિત રહેવાની જાણ કરતા વ્યક્તિગત પત્રો અલગથી RPAD મારફત રવાના કરવામાં આવી રહેલ છે. ઉકત પત્રો, પ્રમાણપત્રોની ચકાસણીની સંબંધિત તારીખ પહેલાં ટપાલમાં મળેલ ન હોય તો પણ ઉમેદવારોએ કાર્યક્રમમાં દર્શાવેલ નિયત તારીખ અને સમયે નીચે દર્શાવ્યા મુજબના વય, જાતિ, શૈક્ષણિક લાયકાત વગેરેના અસલ તેમજ પ્રમાણપત્રોની બે–બે ઝેરોક્ષ નકલના સેટ સાથે અચૂક ઉપસ્થિત થવાનું રહેશે.

**(૭) ઉમેદવારોએ આ સાથે સામેલ પ્રમાણપત્રોની ચકાસણીના ફોર્મમાં જરૂરી વિગતો ભરી, નીચે દર્શાવેલ ક્રમ મુજબ લાગુ પડતા અસલ પ્રમાણપત્રો ગોઠવીને તથા તેની સ્વપ્રમાણિત ઝેરોક્ષ નકલો બે સેટમાં અવશ્ય સાથે લાવવાની રહેશે. અરજી પત્રકમાં દર્શાવેલ નંબર અને તારીખવાળા પ્રમાણપત્રોમાં, પ્રમાણપત્ર ઈશ્યુ**

**કરનાર કચેરીના સક્ષમ અધિકારીની સહિ/સિક્કા તથા ઈશ્યુ તારીખ દર્શાવેલ હોવા અંગેની ચકાસણી ઉમેદવારે સ્વયં કરીને પ્રમાણપત્રો લાવવાના રહેશે.**

(૧) શાળા છોડયાનો દાખલો.

(૨) અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનો દાખલો.

(૩) **S.E.B.C**. ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર તેમજ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૦૨૧, ૨૦૨૧-૨૦૨૨, ૨૦૨૨-૨૦૨૩ ની આવકના આધારે તા.૦૧/૦૪/૨૦૨૧ થી તા.૦૨/૧૨/૨૦૨૩ દરમિયાન ઇસ્યૂ થયેલ નોન-ક્રિમિલેયર પ્રમાણપત્ર.

(૪) આર્થિક રીતે નબળા (**EWS**) વર્ગના ઉમેદવારોએ તા.૦૩/૧૨/૨૦૨૦ થી તા.૦૨/૧૨/૨૦૨૩ દરમ્યાન મેળવેલ હોય તેવું આર્થિક રીતે નબળા (**EWS** ) વર્ગનું પાત્રતા પ્રમાણપત્ર.

(૫) ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની માર્કશીટ અને પ્રમાણપત્ર.

(૬) શૈક્ષણિક લાયકાતમાં દર્શાવેલ સીવીલ એન્જીનિયરીંગમાં ડીપ્લોમાની તમામ સેમેસ્ટરની માર્કશીટ અને પ્રમાણપત્ર અથવા સરકાર માન્ય ઔદ્યોગિક તાલીમ સંસ્થાના એક / બે વર્ષના સર્વેયર કોર્ષનું પ્રમાણપત્ર અને માર્કશીટ.

(૭) કોમ્પ્યુટરની જાણકારી અંગેનું પ્રમાણપત્ર.

(૮) દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોએ નિયત નમૂનાનુ સક્ષમ અધિકારી તરફથી મળેલ પ્રમાણપત્ર.

(૯) સ્પોર્ટસ ઉમેદવારો માટે નિયત રમતો પૈકીની રમતમાં નિયત કક્ષા (રાષ્ટ્રીય/ આંતર રાષ્ટ્રીય કક્ષા **અથવા** આંતર યુનિવર્સિટી **અથવા** અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં) એ પ્રતિનિધિત્વ કરેલ હોવા અંગેનું સક્ષમ સત્તાધિકારીનું નિયત નમૂનાનું પ્રમાણપત્ર (જોડાણ-ગ, નમૂના ફોર્મ-૧, ફોર્મ-૨, ફોર્મ-૩, ફોર્મ-૪ સામેલ છે)

(૧૦) ફોટો આઇ.ડી. પ્રુફ (સરનામાવાળુ): આધાર કાર્ડ, મતદાર ઓળખપત્ર, ડ્રાઈવિંગ લાયસન્સ, પાસપોર્ટ પૈકી કોઈપણ એક

(૧૧) તાજેતરના પાસપોર્ટ સાઇઝના ૦૨-ફોટા.

સ્થળ: ગાંધીનગર
તારીખ: ૦૯/૦૯/૨૦૨૪

સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

**જાહેરાત ક્રમાંક– , વર્ગ–૩ સંવર્ગની**

**સીધી ભરતી માટે શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની ચકાસણી**

**તા. /૦૯/૨૦૨૪, સમય: કલાક**

તાજેતરનો
પાસપોર્ટ
સાઇઝનો ફોટો

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ઉમેદવારનું નામ | ગુજરાતીમાં (અટક છેલ્લે લખવી) | | |
| | | અંગ્રેજી કેપિટલ અક્ષરમાં (અટક છેલ્લે લખવી) | | |
| ૨ | જન્મ તારીખ (DD-MM-YYYY) (In words) | | | |
| | તા.૦૨/૧૨/૨૦૨૩ ના રોજ ઉંમર | | વર્ષ માસ દિવસ | |
| ૩ | વતનનું સરનામું | | | |
| ૪ | હાલનું સરનામું | | | |
| ૫ | સંપર્કની વિગતો | મોબાઈલ | | |
| | | ઈ–મેઈલ | | |
| ૬ | એસ.એસ.સી.નું જન્મ તારીખ દર્શાવતું પ્રમાણ પત્ર સામેલ છે ? હા/ના એમ સ્પષ્ટ જણાવવું **(સામે (√) ની નિશાની કરો)** | | | હા ના |
| ૭ | અનામત કેટેગરીમાં સમાવેશ થાય છે? હા/ના એમ સ્પષ્ટ જણાવવું. **(સામે (√) ની નિશાની કરો)** | | | હા ના |
| | કઈ કેટેગરીમાં આવો છો? | | | |
| | સંબંધિત જિલ્લાના સક્ષમ અધિકારીએ ઇસ્યુ કરેલ પ્રમાણપત્ર સામેલ છે ? (EWS કેટેગરી તા.૦૩/૧૨/૨૦૨૦ થી તા.૦૨/૧૨/૨૦૨૩) | | | હા ના |
| ૮ | SEBC/OBC કેટેગરીના ઉમેદવારોએ "ક્રિમિલેયર"માં સમાવેશ થતો નથી તેવું નોન– ક્રિમિલેયર પ્રમાણપત્ર સામેલ કરેલ છે? (સામે (√) ની નિશાની કરો) (તા. ૦૧/૦૪/૨૦૨૧ થી તા. ૦૩/૧૨/૨૦૨૩) | | | હા ના |
| ૯ | જાહેરાતમાં દર્શાવ્યા મુજબ શૈક્ષણિક લાયકાતમાં ____________ ની પદવીના પ્રમાણપત્રો સામેલ છે? હા/ના એમ સ્પષ્ટ જણાવવું (સામે (√) ની નિશાની કરો) | | | હા ના |
| ૧૦ | કોમ્પ્યુટરના પાયાના જ્ઞાન (સીસીસી) અંગેનું પ્રમાણપત્ર સામેલ છે ? | | | હા ના |
| ૧૧ | P.H. કેટેગરીના ઉમેદવારે સક્ષમ સતાધિકારીએ ઇસ્યુ કરેલ પ્રમાણપત્ર સામેલ કરેલ છે? કેટલા % P.H.છે? | | | હા ના |
| | પ્રમાણપત્રના નંબર અને તારીખ | | | |
| | સદર પ્રમાણપત્ર આપનાર અધિકારીની વિગતો | | | |

તારીખ :– / /૨૦૨૪

ઉમેદવારની સહી

# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

જાહેરાત ક્રમાંક : ..........................................................., વર્ગ-૩ સંવર્ગની, જગાઓ સીધી ભરતીથી ભરવા અન્વયે પ્રમાણપત્રોની ચકાસણીમાં ઉપસ્થિત ન રહી શકનાર ઉમેદવારો માટે

**ઉમેદવારનું સંમતિપત્રક**

હું, શ્રી......................................................................................, સરનામું : ...................................................................................... સ્પર્ધાત્મક લેખિત કસોટી બેઠક નં. ............................................ આથી સંમતિ આપું છું કે, ............................................................... કારણોસર (આ અંગેનો પુરાવો આ સાથે સામેલ છે.) પ્રમાણપત્રોની ચકાસણી અને ખાતા પસંદગી કાર્યક્રમમાં રૂબરૂ ઉપસ્થિત રહી શકું તેમ ન હોઇ, મારા વાલી–પિતા/માતા/ભાઇ/બહેન શ્રી ......................................................, ઓળખના પુરાવા ................................................ નંબર........................................ ને પ્રમાણપત્રોની ચકાસણીમાં રૂબરૂ ઉપસ્થિત પ્રમાણપત્રોની ચકાસણી કરાવવા માટે હું સંમતિ આપું છું.

ઉમેદવારની સહી અને નામ

સ્થળ:

તારીખ:.

વાલીની સહી અને નામ

| ઉમેદવારનો ફોટો જેના પર ઉમેદવારે સહી કરવાની રહેશે | વાલીનો ફોટો જેના પર ઉમેદવારે સહી કરવાની રહેશે |
|---|---|

જોડાણ—ગ

જોડાણ—ખમાં ઉલ્લેખ નમૂનાના ફોર્મ

ફોર્મ—૧

(કોઈપણ માન્ય રમત/ખેલકૂદમાં આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે )

રાષ્ટ્રીય સંઘ/રાષ્ટ્રીય એસોસીએશન

રાજ્ય સરકાર હેઠળની વર્ગ-૩/વર્ગ-૪ની જગ્યાઓ/સેવાઓમાં નોકરી માટેની ગુણવત્તા ધરાવતા ખેલાડીઓ માટે પ્રમાણપત્ર.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી ........................................ તે શ્રી ........................................ ના પુત્ર/પત્ની/પુત્રી છે. જેઓ ........................................ ખાતે રહે છે. (પૂરેપૂરૂ સરનામું) એમણે તારીખ ........................................ થી ........................................ સુધી ........................................ ખાતે યોજાયેલ સ્પર્ધા/ટુનમિન્ટમાં ........................................ રમતમાં દેશનું પ્રતિનિધિત્વ કર્યું છે.

ઉપર્યુકત સ્પર્ધા ટુર્નામેન્ટમાં વ્યકિતએ/ટુકડીએ કરેલ પ્રતિનિધિત્વ ........................................ છે. ........................................ ના રાષ્ટ્રીય સંઘ/રાષ્ટ્રીય એસોસીએશન કચેરીમાં ઉપલબ્ધ રેકર્ડના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ ....................

તારીખ ....................

સહી ........................................

નામ ........................................

હોદ્દો ........................................

સંઘ/રાષ્ટ્રીય એસોસીએશનનું નામ ....................

સરનામું ........................................

સિક્કો ........................................

નોંધ.—રાષ્ટ્રીય સંઘ/રાષ્ટ્રીય એસોસીએશનના સેક્રેટરીએ પોતે સહી કરી હશે તોજ આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

# ફોર્મ—૨

(કોઈપણ માન્ય રમત/ખેલકૂદ રાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરવા માટે)

......................................................................ની રમતનું......................................................................રાજ્ય

એસોસીએશન રાજ્ય સરકાર હેઠળની વર્ગ-૩/વર્ગ-૪ની જગ્યાઓ/સેવાઓમાં નોકરી માટેની ગુણવત્તા ધરાવતા ખેલાડીઓ માટે પ્રમાણપત્ર.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી..........................................તે શ્રી..............................

ના/ની પુત્ર/પત્ની/પુત્રી છે જેઓ ...........................................................................................ખાતે રહે છે.

(પૂરેપૂરૂં સરનામું) એમણે તારીખ...............................................................થી તારીખ..........................................સુધી

...............................................................................ખાતે યોજાયેલ સ્પર્ધા/ટુર્નામેન્ટમાં...............................................

રમતમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું છે.

ઉપર્યુક્ત સ્પર્ધા/ટુર્નામેન્ટમાં વ્યકિતએ/ટુકડીએ પ્રતિનિધિત્વ કરેલ છે.

.....................ના રાજ્ય સંઘની કચેરીના ઉપલબ્ધ રેકર્ડ*ના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

સ્થળ....................                                    સહી..................................................

તારીખ....................                                    નામ..................................................

રાજ્ય એસોસીએશનનું નામ..............................

સરનામું..............................................

સિક્કો..............................................

**નોંધ.:** રાજ્ય એસોસીએશનના સેક્રેટરીએ પોતે સહી કરી હશે તોજ આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

ફોર્મ—૩

(કોઈપણ માન્ય રમત/ખેલકૂદમાં આંતર યુનિવર્સિટી સ્પર્ધામાં યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરવા માટે)

.................................................................... યુનિવર્સિટી.

રાજ્ય સરકાર હેઠળની વર્ગ-૩/વર્ગ-૪ની જગ્યાઓ/સેવાઓમાં નોકરી માટે ગુણવત્તા ધરાવતા ખેલાડીઓ માટે પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી.........................................તે.........................................
શ્રી.........................................ના/ની પુત્ર/પત્ની/પુત્રી છે. જેઓ.........................................
.........................................ખાતે રહે છે (પૂરેપૂરૂ સરનામું)....................ના.........................................
વિદ્યાર્થી છે. એમણે તારીખ..............................થી તારીખ.......................................... સુધી
..............................ખાતે યોજાયેલ યુનિવર્સિટી સ્પર્ધા/ટુર્નામેન્ટમાં.........................................
રમતમાં.........................................યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કર્યું છે.

ઉપર્યુકત સ્પર્ધા/ટુર્નામેન્ટમાં વ્યકિતએ/ટુકડીએ કરેલ પ્રતિનિધિત્વ છે.

.........................................યુનિવસિટીના ખેલકૂદનો સમગ્ર હવાલો ધરાવતા ખેલકૂદ ડીન અથવા અધિકારીના કચેરીના ઉપલબ્ધ રેકર્ડના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ.......................... સહી.........................................

તારીખ.......................... હોદ્દો.........................................

યુનિવર્સિટીનું નામ.........................................

સરનામું.........................................

સિક્કો.........................................

નોંધ.—.........................................યુનિવર્સિટીનો ખેલકૂદનો સમગ્ર હવાલો ધરવતા ડીન/નિયામક અથવા બીજા અધિકારીએ પોતે સહી કરી હશે તો જ આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

## ફોર્મ—૪

(કોઈપણ માન્ય રમતમાં શાળાઓની રાષ્ટ્રીય રમતમાં રાજ્ય શાળા ટુકડીનુ પ્રતિનિધિત્વ કરવા માટે).

..........................................રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી રાજ્ય સરકાર હેઠળનો વર્ગ-૩/ વર્ગ-૪ની જગ્યાઓ/સેવાઓ નોકરી માટેની ગુણવત્તા ધરાવતા ખેલાડીઓ માટે પ્રમાણપત્ર.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી..............................તે શ્રી..............................ના/ની પુત્ર/પત્ની/પુત્રી છે જેઓ..............................ખાતે રહે છે (પૂરેપૂરૂ સરનામુ)..............................ના વિદ્યાર્થી છે. એમણે તારીખ..............................થી તારીખ..............................સુધી..............................ખાતે યોજાયેલ શાળાઓ માટેની રાષ્ટ્રીય રમતોમાં..............................રમતમાં..............................રાજ્ય શાળા/ટુકડીનુ પ્રતિનિધિત્વ કર્યું છે.

ઉપર્યુકત સ્પર્ધા/ટુર્નામેન્ટમાં વ્યકિતઓ/ટુકડીએ કરેલ પ્રતિનિધિત્વ છે..............................

..............................ની યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કચેરીના ઉપલબ્ધ રેકર્ડના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ ..............................

તારીખ ..............................

સહી..............................

નામ..............................

હોદ્દો ..............................

સરનામુ ..............................

સિક્કો..............................

**નોંધ :—** રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં શાળાઓ માટેનો ખેલકૂદ અને રમતના સમગ્ર હવાલો ધરાવતા નિયામક અથવા અધિક/સંયુકત/નાયબ નિયામકે પોતે સહી કરી હશે તો જ આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

---

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.